# મહાત્મા મંદિર ખાતે સુપરવાઈઝર-ઈન્સ્ટ્રક્ટરોને નિમણૂંક પત્રો એનાયત

ગાંધીનગર, તા. ૨૫
રાજયના પ્રજાજનોની સુખાકારી અને યુવાનોને રોજગારી સરકારની પ્રાથમિકતા છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે.

મુખ્યમંત્રી રાજયની આઈ.ટી.આઈ.ના વિવિધ ટ્રેડના સુપરવાઈઝર્સ-ઈન્સ્ટ્રકટર્સને નિમણૂંક પત્રો એનાયત તથા શ્રમયોગીઓ માટે ઈલેકટ્રીક દ્વિચક્રી વાહન ખરીદીની ગો-ગ્રીન યોજનાના લોંચીંગ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શ્રમ રોજગાર વિભાગ આયોજિત આ કાર્યક્રમમાં નવનિયુકત ૧૩૦૦ જેટલા સુપરવાઈઝર્સ-ઈન્સ્ટ્રકટર્સને નિમણૂંક પત્રો અર્પણ થયા હતા.

ભૂપેન્દ્ર પટેલે રાજય સરકારની સેવામાં જોડાઈ રહેલા આ નવનિયુકત સુપરવાઈઝર-ઈન્સ્ટ્રકટર્સને અભિનંદન પાઠવતા કહ્યું કે રાજ્યમાં મહત્તમ લોકોને રોજગારી મળે તેવો સરકારનો ધ્યેય છે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે યુવાનોને રોજગાર અવસર મળતા નથી તેવું કહેનારાઓ ગુજરાતની તૂલના અન્ય રાજ્યોના રોજગારીના આંકડા સાથે કરે તો ગુજરાતમાં અન્ય રાજ્યોની સાપેક્ષમાં કેટલી રોજગારી મળી રહી છે તેનો ખ્યાલ આવી જશે.





મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત-વિઝનરી નેતૃત્વ અને આયોજનમાં ગુજરાત સર્વગ્રાહી વિકાસનું રોલ મોડેલ બન્યું છે. રોજગાર હોય કે શ્રમિકોની સલામતિ-સુવિધા ગુજરાતે આત્મનિર્ભર ભારતના માર્ગે 'આત્મનિર્ભર ગુજરાત' બનવાનો નિર્ધાર કર્યો છે.

આ માટે નાગરિકોને-પ્રજાજનોને સરળતાએ સુવિધા ઘર આંગણે મળી રહે ખાસ કરીને સામાન્ય મધ્યમવર્ગીય પરિવારોને સરકારની મળવાપાત્ર યોજનાના લાભ મળી રહે તેવી સુચારૂં વ્યવસ્થાઓ સરકાર ઊભી કરવા કટિબદ્ધ છે. નાગરિકો પણ પોતાને મળવાની થતી યોજનાઓનો લાભ લેવાની જાગરૂકતા દાખવે એવો અનુરોધ તેમણે કર્યો હતો.

## ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સિનિયર સિટીજનોનો એક દિવસીય પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫
ગાંધીનગર સ્થિત સિનિયર સિટીજનોનો એક દિવસીય ડાકોર-વડતાલ પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં ગાંધીનગર શહેરમાં રહેતા ૪૨/૮૪ કડવા પાટીદારના સિનિયર સિટિજનો જોડાયા હતા.

આ પ્રવાસમાં ગાંધીનગરથી લવારપુર-ચીલોડા-ઉત્કંઠેશ્વર મહાદેવ, લસુન્દ્રા ગરમ અને ઠંડા પાણીના કુંડ, ભાથીજી મહારાજનું સુપ્રસિદ્ધ ઐતિહાસિક સ્થળ ફાગવેલ, રાજાધિરાજ રણછોડરાયજીનું મંદિર ડાકોર, પવિત્ર નદી મહાસાગાર ગલતેશ્વર-વડતાલ તેમજ નડિયાદ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

આ પ્રવાસમાં વડીલોએ મહીસાગરમાં પવિત્ર ડૂબકી મારી સ્નાન કર્યું હતું. પ્રવાસમાં ખાસ પ્રવાસના સહયોગી તરીકે રમણભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ તથા મનુભાઈ પટેલનો વિશેષ સહયોગ સાંપડતાં પ્રવાસ સૌ યાત્રીઓએ માણ્યો હતો.

# હવે, અમદાવાદની ટીમ પણ આઈપીએલમાં રમશે

**અમદાવાદ અને લખનઉની એન્ટ્રી આઈપીએલમાં થઈ : અમદાવાદની ટીમને સીવીસી કેપિટલ પાર્ટનર્સે ખરીદી છે જ્યારે લખનઉની ટીમની બિડ ઈઁજીર ગ્રુપે જીતી છે**

અમદાવાદ, તા.૨૫
ઈન્ડિયન પ્રીમિયર લીગની નવી બે ટીમની જાહેરાત થઈ ગઈ છે. અમદાવાદ અને લખનઉ બે શહેરોની એન્ટ્રી આઈપીએલમાં થઈ ગઈ છે. અમદાવાદની ટીમને ૭૦૯૦ કરોડમાં સીવીસી કેપિટલ પાર્ટનર્સે અમદાવાદની ટીમ ખરીદી છે. તો લખનઉની ટીમની બિડ RPSG ગ્રુપે જીતી છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આઈપીએલની આગામી સીઝનમાં વધુ બે ટીમ સામે કરવાનો નિર્ણય કર્યો હતો. તે માટે બિડ મંગાવવામાં આવી હતી. અનેક કંપનીઓએ બિડ ભરી હતી. અમદાવાદની ટીમ ખરીદવા માટે અદાણી ગ્રુપ પણ સૌથી આગળ હતું. પરંતુ અંતે અમેરિકી સ્થિતસીવીસી કેપિટલ પાર્ટનર્સને અમદાવાદની ટીમ મળી છે. તો RPSG ગ્રુપ જે આ પહેલા આઈપીએલમાં પુણે સુપરજાયન્ટ્સનું સંચાલન કરી ચુક્યું છે તેણે લખનઉની ટીમ ખરીદી છે.

આઈપીએલમાં આગામી વર્ષથી હવે આઈપીએલમાં ૧૦ ટીમ જોવા મળશે. આ પહેલા પણ ૨૦૧૧ની સીઝનમાં ૧૦ ટીમ રમી ચુકી છે. હવે આઈપીએલમાં મેચોની સંખ્યા પણ વધવાની છે. બીસીસીઆઈ આગામી દિવસોમાં હરાજીની જાહેરાત કરશે. આ સાથે કઈ ટીમ કેટલા ખેલાડીઓ રિટેન કરી શકે તેની પણ જાહેરાત થવાની છે. આગામી વર્ષે IPL ૨૦૨૨ની શરૂઆત પહેલાં મેગા ઓક્શન યોજાવાની છે. આ હરાજી પહેલા આઈપીએલની તમામ ટીમો પોતાની સાથે માત્ર ૩ ખેલાડીઓને જ રાખી શકશે. આવી સ્થિતિમાં તમામ ટીમોમાં કેટલાક મોટા ફેરફાર જોવા મળી શકે છે. મહેન્દ્ર સિંહ ધોનીની CSK હોય, રોહિત શર્માની મુંબઈ હોય કે વિરાટની RCB, તમામ ટીમો નવા ખેલાડીઓથી ભરેલી હશે અને તે પણ સંપૂર્ણપણે બદલાયેલી દેખાશે.

ધોનીની કપ્તાનીમાં ઝજીદ્ધએ ૨૦૨૧ સીઝનનો ખિતાબ જીત્યો હતો. CSK ની આ એકંદર ચોથી **IPL** ટ્રોફી હતી. આ પહેલા CSK ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૮માં **IPL** ટાઈટલ જીતી ચૂકી છે. CSK સિવાય રોહિત શર્માની મુંબઈએ ૫ વખત IPL ટાઈટલ જીત્યું છે. બીજી તરફ KKRએ ૨ અને સનરાઈઝર્સ હૈદરાબાદે એક વખત **IPL** ટાઈટલ જીત્યું હતું.

## "પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન"નો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૫
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસી ખાતેથી "પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન"નો શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ "પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન"ના આ શુભારંભ કાર્યક્રમમાં ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થયા હતા.

આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને મુખ્ય સચિવ પંકજ કુમાર પણ ગાંધીનગરથી આ કાર્યક્રમમાં જોડાયા હતા.



દિવાળી નિમિત્તે લક્ષ્મીપૂજાનું વિશેષ મહાત્મ્ય છે. લક્ષ્મી સ્વરૂપ સોના-ચાંદીના સિક્કા અને દાગીના દિવાળી નિમિત્તે ખરીદવામાં આવે છે. ધનતેરસ અને દિવાળી હવે નજીક હોવાથી ગાંધીનગરના સોની બજારમાં ચહલપહલ જોવા મળી રહી છે. દાગીના અને સોના ચાંદીના સિક્કા ખરીદીને વસાહતીઓ દિવાળીના આગમનને વધાવી રહ્યા છે.

# પાટીલ વડોદરાના મેયરની નિષ્ક્રિયતા પર ભડક્યા

**પાટીલે વડોદરાના મેયરને જાહેરમાં સંભળાવી દીધું : આગામી અઠવાડિયામાં ગાયો રોડ પર ન દેખાવી જોઈએ, મંદિરમાં ભિક્ષુકો દેખાવા ના જોઈએ : સીઆર પાટીલ**

વડોદરા,તા.૨૫
ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સરદાર ધામમાં ૫૧ લાખનું દાન આપી ટ્રસ્ટી બન્યા છે. વડોદરામાં પાટીદાર બિઝનેસ સમિટ કાર્યક્રમમાં સીઆર પાટીલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, સીએમ પોતે કહે કે તેમને પણ ખબર નથી કે હું કઈ રીતે મુખ્યમંત્રી બની ગયો. પાટીલે સીએમ ભૂપેન્દ્ર પટેલના નિખાસલ સ્વભાવના પણ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી સાવ ઓલિયો માણસ છે. સીએમ ઓલિયો એટલે કે ભોળા માણસ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરળ માણસ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મારું માને પણ છે. સીઆર પાટીલે જય સરદાર કહીને સંબોધનની શરૂઆત કરી હતી.

કાર્યક્રમમાં સીઆર પાટીલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, પાટીદાર સમાજ ભાજપની સાથે હતો અને રહેશે. તેમણે કહ્યુ હતું કે, સ્વાભાવિક પણે મારું અનુમાન છે કે ભાઈઓ બહેનોને પ્રાધાન્ય આપતા નથી. વિશ્વને પટેલોનો પરિચય કરાવવો જોઈએ નહિ કે પટેલોએ વિશ્વનો પરિચય કરાવવો જોઈએ. પહેલા એક રેકોર્ડ થતો હતો કે સૌથી વધુ લોકો તાજમહલ જોવા આવતા હતા. હવે વિદેશોમાંથી સૌથી વધુ લોકો સરદાર પટેલનું સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવે છે.

પાટીદાર સમાજ અને ભાજપ મહદઅંશે એકબીજા સાથે જ જોડાયેલા છે. તો બીજી તરફ, વડોદરાના કાર્યક્રમમાં શહેરના મેયર કેયુર રોકડીયાને મંચ પરથી સી આર પાટીલે મોટી ટકોર કરી હતી. તેમણે કહ્યુ હતું કે, કેયુરને મેયર બનાવ્યો ત્યારે લાગ્યું કે ઝડપથી નિર્ણય લેશે. કેયુર રોકડીયા યુવાન હતા એટલે મેયર બનાવ્યા. મેયર કેયુર રોકડીયા હવે મિટિંગ બંધ કરો, અને ઝડપી નિર્ણય લો. આગામી અઠવાડિયામાં ગાયો રોડ પર ના દેખાવી જોઈએ. મંદિરમાં ભિક્ષુકો દેખાવા ના જોઈએ. વડોદરામાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નો પ્રમોશનલ કાર્યક્રમ થયો. મધ્ય ગુજરાતના સરદાર ધામ વિશ્વ પાટીદાર સમાજનો કાર્યક્રમ થયો. જેમાંકાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ હાજર રહ્યા. સીઆર પાટીલનું કાર્યક્રમમાં ખાસ સ્વાગત કરવામાં આવ્યું. સાથે જ મધ્ય ગુજરાતના પાટીદાર સમાજના અગ્રણીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. મહત્વનું છે કે, સુરતના સરથાણામાં ૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના દિવસે સમિટ થવાની છે. જેમાં ૧૦ હજાર ઉદ્યોગકારો ભાગ લેશે.

# દિવાળીની ખરીદી માટે બજારોમાં લોકોની ભીડ

**લોકો ખરીદી માટે ઉમટી પડતાં રતનપોળ હાઉસફુલ**
**પૂર્વમાં દિવાળીનો માહોલ જામ્યો, પશ્ચિમમાં ઘરાકી ઓછી**

અમદાવાદ,તા.૨૫
અમદાવાદ: દિવાળીના આડે હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે ત્યારે દિવાળી અને નવા વર્ષના તહેવારની ખરીદી માટે અમદાવાદના બજારોમાં ભીડનો માહોલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે અમદાવાદના રતનપોળ લોકો ખરીદી માટે ઉમટી રહ્યા હોવાથી પોળ છલકાઈ ગઈ હતી. તેની સાથે પાનકોર નાકા બજાર પણ ગ્રાહકોથી છલકાઈ ગયું હતું. દિવાળીની ખરીદી પૂરજોશમાં ચાલી રહી હોવાથી ભદ્રકાળી મંદિર સુધી લોકોની ભારે ભીડ થઈ હતી હતી તો માણેકચોક બજારમાં પણ અસામાન્ય ભીડ જોવા મળી હતી.



ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ દિવાળીની ખરીદી દરમિયાન બજારોમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન ન થતાં અમદાવાદ સહિત રાજયભરમાં કોરોનાની બીજી લહેર આવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે હજી પણ લોકો રતનપોળમાંથી ખરીદી કરવાનો આગ્રહ રાખતા હોવાથી દિવાળીની ખરીદીને લઈને પોળ હાઉસફુલ થઈ ગઈ છે. સવારે જેવી દુકાનો ખુલે છે કે તરત જ લોકો ખરીદી કરવા માટે આવી જતા હોય છે. દરમિયાન ગઈકાલે રવિવારે તો ખૂબ જ મોટી સંખ્યામાં પરિવાર સાથે લોકો ખરીદી કરવા માટે ઉમટી પડતા ચાલવાની પણ જગ્યા ન મળે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. મીડિયા રિપોર્ટ રતનપોળની સાથે સાથે પાનકોર નાકા પગરખા બજાર પણ ગ્રાહકોની ઉભરાઈ ગયું હતું. છેક ભદ્રકાળી મંદિર સુધી અસામાન્ય ભીડ થઈ ગઈ હતી. માણેકચોકમાં પણ ખરીદીને લઈને ભીડ જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, નવરાત્રીની શરૂઆતથી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં દિવાળીની ખરીદી શરુ થઈ હોય તેવા માહોલ જામ્યો છે. પરંતુ શહેરના પશ્ચિમ વિસ્તારમાં હજુ સુધી દિવાળી જેવું કઈ લાગતું નથી.

## વિકસીત કરાશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ મામલે મહાપ્રબંધક કંસલજીએ રેલવે બોર્ડને પણ આ મામલે નોંધ મોકલી આપી હતી. આ અંગે દિવ્ય ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે જંકશન સંદર્ભે નવેસરથી સર્વે કરાવી નેરોગેજ લાઈનને બ્રોડગ્રેજ લાઈનમાં સ્થળાંતર કરવા અને મકાખાડ જંકશનને ગાંધીનગર અને વડનગર સ્ટેશન સાથે જોડવામાં આવે જેથી ઉત્તર ગુજરાતના યાત્રિઓન સગવડતા મળી રહે. આ ઉપરાંત ગાંધીનગર, વિસનગર, અંબાજી અને વડનગર ખાતે સ્થિત પ્રવાસન અને ઐતિહાસિક સ્થળો પર યાત્રિકો સરળતાથી મુસાફરી કરી શકે તે માટે અને રેલવે તેમજ રાજયના પ્રવાસન વિભાગને વધુ આવક થાય તેવા ઉદેશથી મકાખાડ જંકશનને પુનર્જિવિત કરવાથી ઉત્તર ગુજરાતના યાત્રીઓ માટે પણ આ જંકશન જીવાદોરી બને તે માટે વિકસિત કરવા જણાવ્યુ હતુ. જયારે સ્ટેશનમાં કેન્ટીન, ફુડકોર્ટ નિર્માણ કરીને રોજગારી વધે તે માટે પણ પ્રયાસ કરવા સુચન કર્યુ હતુ. માણસાના અગ્રણી દિનેશ વ્યાસનો પણ આ તબકકે આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રાષ્ટ્રીય રેલવે ઉપભોકતા પરામદર્શી સમિતિની ચુંટણી પણ યોજવામાં આવી હતી. જેમાં ભાજપ પ્રેરિત ઉમેદવાર રાજુભાઈ અય્યર બિનહરિફ ચુંટાયા હતા. પશ્ચિમ ઝોનના દિવ્ય ત્રિવેદી સહીત સૌ સભ્યો તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬ કેસ સામે આવ્યા

**એકનું મૃત્યુ, રિકવરી રેટ ૯૮.૭૬% : ગુજરાતમાં અત્યાર સુધી ૬ કરોડ ૮૯ લાખ ૮૩ હજાર ૩૬૦ વેક્સીનના ડોઝ આપી દેવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા.૨૫
રાજ્યમાં કોરોના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬ કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૧ વ્યક્તિનું મૃત્યુ થયું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૮ લાખ ૨૬ હજાર ૪૩૪ પર પહોંચી ગયો છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૧૬ હજાર ૧૮૭ લોકો સાજા થયા છે. તો ૧૦ હજાર ૮૮ લોકોના નિધન થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ વલસાડ જિલ્લામાં નોંધાયા છે. વલસાડમાં ૫ કેસ સામે આવ્યા છે. તો સુરત જિલ્લામાં ૭ કેસ સામે આવ્યા છે. નવસારી અને વડોદરા શહેરમાં બે-બે કેસ નોંધાયા છે. તો એક દર્દીનું નિધન વલસાડમાં થયું છે. અમદાવાદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં એકપણ કેસ નોંધાયો નથી.

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૫૯ છે, જેમાં ૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાખ ૧૬ હજાર ૧૮૭ લોકો સાજા થયા છે. તો ૧૦ હજાર ૮૮ લોકોના નિધન થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૬ ટકા છે.

ગુજરાતમાં આજે સાંજે ૪ કલાક સુધીમાં ૨ લાખ ૭૫ હજાર ૨૫૪ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. તો ગુજરાતમાં અત્યાર સુધી ૬ કરોજ ૮૯ લાખ ૮૩ હજાર ૩૬૦ વેક્સીનના ડોઝ આપી દેવામાં આવ્યા છે, જેમાં પ્રથમ અને બીજો ડોઝ સામેલ છે.

## માર્યો ગયો

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

એક આર્મી ઓફિસર ઘાયલ થયા છે. આ ફાયરિંગમાં આતંકવાદી જિયા મુસ્તફા પણ ઘાયલ થયો હતો અને ભારે ગોળીબારને કારણે તેનો મૃતદેહ ઘટનાસ્થળેથી તાત્કાલિક હટાવી શકાયો નહોતો. બાદમાં પોલીસે પુષ્ટિ કરી કે, મુસ્તફાનો મૃતદેહ એક્રાઉન્ટર સ્થળ પરથી મળી આવ્યો હતો. શનિવારે પોલીસ મુસ્તફાને કોટ બલવાલ જેલમાંથી ૧૦ દિવસના રિમાન્ડ પર મેંધર લઈ ગઈ હતી. જિયા મુસ્તફા કોટ બલવાલ જેલમાં બંધ હતો, જ્યાંથી તે પાકિસ્તાન સ્થિત લશ્કર નેતાઓના સંપર્કમાં હતો. મુસ્તફાની જમ્મુ અને કાશ્મીર પોલીસે ૨૦૦૩માં ધરપકડ કરી હતી અને તે જ વર્ષે માર્ચમાં થયેલા કાશ્મીરી પંડિતોના નદીમાર્ગ હત્યાકાંડનો માસ્ટરમાઈન્ડ હોવાનું માનવામાં આવે છે. ૨૦૦૩માં, શ્રીનગરમાં જમ્મુ -કાશ્મીરના તત્કાલીન ડીજીપી એ.કે.સુરીએ ૧૦ એપ્રિલે મુસ્તફાની ધરપકડની જાહેરાત કરી હતી, મુસ્તફાની પ્રેસ કોન્ફરન્સ પરેડ કરવામાં આવી હતી અને તેની ધરપકડને મોટી સફળતા ગણાવી હતી. ત્યારે સૂરીએ મુસ્તફાને લશ્કરનો જિલ્લા કમાન્ડર ગણાવ્યો હતો, જે ૨૪ કાશ્મીરી પંડિતોની હત્યામાં સામેલ હતો. આ કાશ્મીરી પંડિતો પુલવામા જિલ્લાના નદીમાર્ગ ગામમાં તેમના ઘરે રોકાયા હતા ત્યારે તેઓની ગોળીમારીને હત્યા કરાઈ હતી. તત્કાલિન પોલીસ વડાએ કહ્યું હતું કે, મુસ્તફા પાસેથી એક એકે-૪૭ રાઈફલ, દારૂગોળો, વાયરલેસ સેટ અને અન્ય દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે, મુસ્તફા વિક્ટર સહિત વિવિધ નામોથી જાણીતો હતો. રિપોર્ટ અનુસાર, મુસ્તફાએ પોલીસ તપાસકર્તાઓને કહ્યું હતું કે, તેને પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના નેતાઓએ કાશ્મીરી પંડિતોની હત્યા કરવા માટે કહ્યું હતું. નદીમાર્ગ હત્યાકાંડ એવા સમયે થયો હતો જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં એક દાયકાના આતંકવાદ પછી સુરક્ષાની સ્થિતિમાં સુધારો થવાનું શરૂ થયું હતું, પાકિસ્તાનમાં જનરલ પરવેઝ મુશર્રફે એવો દાવો કર્યો હતો કે, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદની લગામ પકડી લેવામાં આવી છે. પડદા પાછળની વાટાઘાટોમાં, ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ તરફ આગળ વધી રહ્યા હતા અને ૨૦૦૩ના અંતમાં તેના પર સહમતિ થઈ હતી.

## ફરિયાદ કરાશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમજ પરિવારના સભ્યો બાળકો સાથે રીફ્રેશ થવા માટે આવતા હોય છે પરંતુ આ સ્થિતિના લીધે ઉદ્યાનમાં જવાનુ પસંદ કરતા નથી બગીચામાં આ પ્રકારની તોફાની હરકતો કરતા તત્વો સામે યોગ્ય પગલા લેવાય તે માટે પણ પ્રબળ માંગણી ઉઠવા પામી છે. બગીચામાં કેટલાક ઠેકાણે બિભત્સ શબ્દો પણ લખવામાં આવ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના અંતે આ મામલે પોલીસ ફરિયાદ કરી જવાબદાર તત્વો સામે યોગ્ય કાર્યવાહી થાય તેવી પણ લાગણી પ્રબળ બની છે. આ સ્થિતિને અનુલક્ષી તંત્ર કક્ષાએથી પણ ઉદ્યાનને નુકશાન કરતા અજાણ્યા તત્વો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે તેમ પણ જાણવા મળ્યુ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧